ગાંધીનગર સમાચાર

**બોર્ડ નિગમના કર્મચારીઓના મકાનો ખાલી કરાવાશે નહી**

# શહેરમાં ડેન્ગ્યુનો હાહાકાર : વધુ છ કેસ

## આજે પણ ૩૧૦૦થી વધુ મકાનોની ચકાસણી દરમ્યાન ૬૧ સ્થાનોએથી બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં એક સાથે ૬ ડેન્ગ્યુ પોઝીટીવ કેસ મળતાં જ મેલેરીયા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ધોળાકુવા ઉપરાંત સે. ૨૪, ૩૦, ૨૫ અને ૧૫માંથી આ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે ડેન્ગ્યુ પોઝીટીવ ધરાવતા કેસોની સંખ્યા ૨૯ પર પહોંચી છે જ્યારે શંકાસ્પદ કેસો જે ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે તેની સંખ્યા ૧૦૯ જેટલી થવા જાય છે.

શહેરમાં જાહેર તથા ખાનગી મિલ્કતોમાંથી હજુ પણ ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે. તેથી મેલેરિયા તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુના કેસો જે મળી રહ્યા છે તેને લઈ હરકતમાં આવેલા તંત્રએ પણ તેની એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે. મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં હવે બ્રિડીંગ જે અગાઉ મળતા હતા તેના કરતાં તેમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો પણ અધિકારીઓ કરતા એવુ જણાવી રહ્યા છે કે કેસો છુટા છવાયા મળી રહ્યા છે.

આ સૂત્રોનું કહેવું છે કે આ વખતે મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ડેન્ગ્યુના કેસમાં વધારો આ વખતે ઘણો જરૂર થયો છે પરંતુ તેને નિયંત્રિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એટલે કે એન્ટી લારવેલની કામગીરી વધુ ને વધુ સઘન બનાવી લોક જાગૃતિ પણ કરવામાં આવી રહી છે.

આજે તંત્રએ સે. ૨, ૩, ૫, ૧૯ અને ૨૬ના ૩ હજારથી વધુ મકાનોની ચકાસણી કરી હતી. જેમાં ૬૫૦૦ થી વધુ પાત્રો ચકાસતા ૬૧ જેટલા સ્થાનોએથી બ્રિડીંગ મળતાં તેનો નાશ કરવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં જ ૩૦૦થી વધુ સ્થાનો પર મળેલા બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

# નગરમાં જ્યોતિ સ્વરૂપ જગદંબાની પધરામણી : ભવ્ય શોભાયાત્રા









(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આજે અંબાજીથી જ્યોતિ સ્વરૂપે મા જગદંબાની પધરામણી થઈ હતી. જય અંબે પરિવાર દ્વારા અંબાજીથી માતાજીની જ્યોત લાવવામાં આવી હતી. ચૌધરી શાળા પાસે દિવ્ય જ્યોતનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માતાજીના રથમાં દિવ્ય જ્યોતની શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ દરમ્યાન કલ્ચરલ ફોરમના સભ્યો તેમજ ખેલૈયાઓ ગરબે ઘુમ્યા હતા. બેન્ડવાજાની સુરાવલી વચ્ચે વાજતે ગાજતે નીકળેલી ભવ્ય શોભાયાત્રા સે. ૬ કલ્ચરલ ફોરમના ગરબા મેદાને પહોંચી હતી. જ્યાં ચાચર ચોકમાં માતાજીની દિવ્ય જ્યોતનું પ્રસ્થાપન કરવામાં આવ્યું હતું. નવરાત દરમ્યાન પ્રથમવાર નગરમાં અંબાજીથી લાવવામાં આવેલી દિવ્ય જ્યોત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં અખંડ રહેશે.

કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે શક્તિની આરાધનાના આ પર્વ દરમ્યાન પ્રથમવાર ગરબા મેદાનમાં જ્યોતિ સ્વરૂપે મા જગદંબાની પધરામણી કરવામાં આવી છે. જય અંબે પરિવાર દ્વારા આજે અંબાજીથી માતાજીની જ્યોત ગાંધીનગર લાવવામાં આવ્યા બાદ સાંજે ૫.૩૦ કલાકે દિવ્ય જ્યોતના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. સેક્ટર-૭ ચૌધરી શાળા પાસે જ્યોતના દર્શન અને સ્વાગત માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ, મનપાના

**કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં અંબાજીથી આવેલી દિવ્ય જ્યોત અખંડ રહેશે : બેન્ડની સુરાવલી સાથે નીકળેલી શોભાયાત્રામાં ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા**

પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા સહિત ફોરમના અન્ય સભ્યો સહિત ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા. સેક્ટર-૭થી દિવ્ય જ્યોતની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. બેન્ડની સુરાવલી વચ્ચે નીકળેલી શોભાયાત્રા દરમ્યાન ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. વાજતે ગાજતે રથમાં પ્રસ્થાન થયેલ જ્યોતની શોભાયાત્રા સેક્ટર-૬ સ્થિત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં પહોંચી હતી. જ્યાં કલ્ચરલ ફોરમના આંગણામાં માતાજીની સન્મુખ દિવ્ય જ્યોતનું પ્રસ્થાપન કરવામાં આવ્યું હતું. નવરાત્રી દરમ્યાન ભાવિકોને જ્યોતિ સ્વરૂપ જગદંબાના દર્શનનો લાભ મળશે.

# બોર્ડ નિગમના કર્મચારીઓના મકાનો ખાલી કરાવાશે નહી

ગાંધીનગર તા ૧૩

શહેરમાં બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા મકાનો ખાલી કરાવી દેવા માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ નિર્ણય લેવાયો હતો. જયારે આ અન્વયે ઘણાંખરા મકાનો ખાલી પણ કરી દેવાયા છે. જયારે આ મામલે પુનઃ વિચારણા કરવા સરકાર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી. જેના અંતે વિભાગ દ્વારા આવાસોના મામલે વધુ એક વર્ષની મંજુરી આપવામાં આવી છે.

**વધુ એક વર્ષની મુદત સરકારે લંબાવી અંદાજિત ૭ હજાર મકાનો વિવિધ સંસ્થાઆને ફાળવામાં આવ્યા છે**

શહેરમાં બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા વિવિધ કક્ષાના સરકારી આવાસોને અનુલક્ષી અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા મકાનો ખાલી કરી દેવા સુચના આપવામાં આવી હતી. જયારે આ મામલે મુદત લંબાવી વધુ સમય માટે મંજુરી આપવા માટે સરકારમાં સ્થાનિક નેતાઓ દ્વારા પણ રજુઆત કરવામાં આવી હતી.જેના અંતે સરકાર દ્વારા આ આવાસો માટે બોર્ડ નિગમના કર્મચારીઓ તેમજ વિવિધ સંસ્થાઓને વધુ એક વર્ષ માટે મંજુરી આપવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના મકાનો કર્મચારીઓને ફાળવવામાં આવ્યા છે. જેમાં વિવિધ સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓને પણ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. શહેરમાં અંદાજિત ૭ હજાર જેટલા મકાનો બોર્ડ નિગમના કર્મચારીઓ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે. જેમાં વિવિધ કેટેગરીના આવાસોનો સમાવેશ થાય છે. શહેરમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી મકાનો છે.

જયારે નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનુ કામ શરૂ કરાતા ૨ હજાર સરકારી મકાનોનો કડુસલો બોલાવી દેવાયો છે. જો કે આ આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ધ્યાને આવતા તોડીને નિકાલ કરવાનો નિર્ણય લેવાયો હતો. જયારે આ મકાનો તોડવા ઉપરાંત બીજીતરફ અન્ય આવાસોના મજબુતીકરણનુ કામ ચાલતુ હોવાથી તંત્રના ચોપડે આવાસ માટે અરજદારોનુ વેઈટીંગ લીસ્ટ પણ મોટુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેથી ગત જુલાઈ મહીના સુધીમાં બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા સરકારી આવાસો ખાલી કરાવી દેવા નિર્ણય લેવાયો હતો. જયારે આ મામલે સ્થાનિક નેતાઓની રજુઆત અને લોકલાગણીને ધ્યાને લઈ માર્ગ મકાન મંત્રી દ્વારા આ મકાનો માટે એક વર્ષની વધુ રહેણાંક મંજુરી આપવામાં આવી હોવનુ પણ ધ્યાને આવ્યુ છે.



માની ચુંદડી - મા-આદ્યશક્તિના પર્વ નવરાત્રિનો આજથી આરંભ થયો... ભારતીય સંસ્કૃતિમાં આરાધનાના પર્વમાં મા-આદ્યશક્તિની ચુંદડી અને શણગાર અર્પણ કરી ગરબાનું સ્થાપન કરવામાં આવે છે... નવા વાઘા પહેરાવી માતાજીને પવિત્ર અર્પણ કરી શણગારવામાં આવે છે... નવરાત્રીના નવ નોરતા દરમિયાન મા-આદ્યશક્તિની શ્રદ્ધાપૂર્વક આરાધના કરી સુખ-શાંતિ અને સ્મૃદ્ધિની પ્રાર્થના કરવામાં આવે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# રાંધેજા બાલવા માણસા માર્ગને ૧૦ મીટર પહોળો કરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરથી રાંધેજા અને બાલવા માણસા માર્ગને પહોળો કરવાનુ કામ હવે શરૂ થશે. આ માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ અંદાજીત ૭ કરોડથી વધુ રકમનો ખર્ચ થશે. આગામી માર્ચ મહીનામાં સુધીમાં માર્ગ વાઈડનીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોને જોડતા રસ્તાઓનુ પણ તબક્કાવાર નવિનીકરણ હાથ ધરવામાં આવે છે. વસતી અને વિકાસના નવા આયામોને અનુલક્ષી રોડ નેટવર્ક અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાથી જિલ્લાના વિવિધ માર્ગોના વાઈડનીંગ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનગરથી રાંધેજા બાલવા માણસા માર્ગને પણ પહોળો કરવાનુ ટુંકમાં કામ શરૂ કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ અંદાજિત ૭ કીમી ના આ માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર જેટલો પહોળા કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને જવાબદાર એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જેના અંતે ટુંકમાં કામ શરૂ થઈ જશે.જયારે આગામી માર્ચ મહીના સુધીમાં કામ પુર્ણ પણ કરી દેવાશે. આ માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરાતા ટ્રાફિકની સમસ્યાઓનો અંત આવશે. જયારે માર્ગ સલામતીની સમસ્યા પણ હળવી થશે. આ માર્ગ પર ટ્રાફિકની વિશેષ અવર જવર રહેતી હોવાથી લાંબા સમયથી માર્ગના નવિનીકરણ તેમજ વાઈડનીંગ માટે આસપાસના ગ્રામજનોમાં પણ માંગ ઉઠવા પામી હતી. માર્ગ વાઈડનીંગની સાથે રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

**અંદજે ૭ કરોડનો ખર્ચ થશે : આગામી માર્ચ મહીના સુધીમાં રસ્તાનુ કામ પુર્ણ થશે**

## જાહેર નિવિદા

આથી વક્તાપુર સેવા સહકારી મંડળી લી. વક્તાપુર, તા. તલોદ, જી. સાબરકાંઠાને પોતાની માલિકીનું ગોડાઉન બનાવવાનું છે. આ બાંધકામ માટે માલસામાન સહિત ગોડાઉન બાંધકામનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. તો રસ ધરાવતા ગવર્નમેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાક્ટરોએ તા. ૨૦/૧૦/૨૦૧૫ સુધીમાં મંડળીના ચેરમેનશ્રી પાસેથી ટેન્ડર કોપી મેળવી લેવી અને તા. ૨૩/૧૦/૨૦૧૫ સુધીમાં રજી.પોસ્ટથી પરત કરવાની રહેશે.


એસ્ટ્રો કન્સલટન્સી
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

રેલ્વે ટીકીટ/એર ટીકીટ
બસ મુંબઈ/શીરડી/જયપુર/પુના ઉદયપુર/સોમનાથ/દ્વારકા
પાસપોર્ટ સર્વિસ / વીઝા સર્વિસ
હોટલ બુકીંગ / ક્રુઝ બુકીંગ
ટુર-પેકેજ ગોવા, સીમલા-મનાલી, કેરાલા, કાશ્મીર, દાર્જીલીંગ, આંદામાન-નિકોબાર, થાઈલેન્ડ, સીંગાપુર, દુબઈ, મલેશિયા
શ્રીરામ ટ્રાવેલ્સ સિદ્ધાર્થ સ્ટેટસ, ન્યુ વાવોલ
૯૭૨૪૩ ૧૭૩૫૮, ૯૫૭૪૯ ૭૧૮૫૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રૂફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com